For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# ભરૂચથી કીમ એક્સપ્રેસ વે પર આજથી નાના વાહનો દોડતા થશે

**કીમથી** અંકલેશ્વર એક્સપ્રેસ-વે શરૂ કરવા ROએ ગુરુવારે ફરીવાર સાઇટ વિઝિટ કરી



### નાગરિકો પાસે પૈસા ખંખેરવામાં તંત્રને રસ!

દહેગામથી કીમ વચ્ચેનો ભાગ ખુલ્લો મૂકવાની વાત બાદ સામે ઉતરાયણ આવતી હોવા છતાં હજુ રોડ વિઝિટ કરી રહ્યા છે. વાહનચાલકોને સુવિધા આપવાને બદલે તંત્રને ફક્ત પૈસા ખંખેરવામાં રસ હોય એમ લાગે છે. થોડી ઢીલી કામગીરીને લઈને વાહનચાલકોમાં રોષ ઉદભવ્યો છે.

ભરૂચ: દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વેના વડોદરા-મુંબઈ સેક્શનના પેકેજ-5 અંતર્ગત આવતા કીમ-દહેગામ (અંકલેશ્વર નજીક) રોડની NHAIના રિજિયોનલ હેડ ગુરુવારે આવીને વિઝિટ કરી ગયા હતા. જેમાં રોડ બની ગયો હોવાથી સેફ્ટીના મુદ્દે એક દિવસ રહી શનિવારે દહેગામ-કીમ રોડ પર નાની ગાડી માટે ખુલ્લું મૂકવામાં આવનાર હોવાનું જાણવા મળી રહ્યું છે.

વડોદરા-મુંબઈ એક્સપ્રેસ-વેનો પેકેજ-5, જે કીમથી દહેગામ સુધીનો પટ આવરી લે છે, તેમાં કામગીરી સતત આગળ વધી રહી છે અને મહિનાના અંત સુધીમાં કાર્યરત થવાની અપેક્ષા હતી. દહેગામ-કીમ રોડ પર રિજિયોનલ હેડ સુનીલ યાદવ તા.8મી જાન્યુઆરીના રોજ આવીને સાઈટ વિઝિટ કરી ગયા હતા. આખો રોડ જોયા બાદ રોડ સંપૂર્ણ તૈયાર થઈ ગયો છે. પણ હજુ સેફ્ટીના મુદ્દે હજુ

...અનુસંધાન પાના 9 પર

# રાજકોટમાં 6 કલાકમાં 11 વખત ધરતીકંપ

**ધોરાજી**, જેતપુરની શાળાઓમાં રજા આપી દેવાઇ

ગાંધીનગર : રાજકોટ જિલ્લામાં 11 વખત ભૂકંપના આચકા અનુભવાતા લોકોમાં ભયની લાગણી ફેલાઈ હતી. સતત આવી રહેલા ભૂકંપના આંચકાને પગલે જેતપુર અને ધોરાજીની શાળાઓમાં રજા આપી દેવામાં આવી હતી.

આ અંગે મળતી માહિતી મુજબ રાજકોટ જિલ્લામાં આજે સવારથી જ ભૂકંપના આંચકા નોંધાયા હતા. આજે સવારે 6.19 કલાકે સૌથી તીવ્ર ભૂકંપનો આંચકો અનુભવાયો હતો, જેની રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા 3.8 નોંધાઈ હતી. ગઈકાલે 9 જાન્યુઆરી રાત્રે 12 વાગ્યા પછી આજે સવારે 6 વાગ્યા સુધીમાં 11 વખત ધરતીના પેટાળમાં હલનચલન થયું છે. રાજકોટ જિલ્લામાં સતત આવી રહેલા ધરતીકંપના આંચકાને પગલે ધોરાજી અને જેતપુર આસપાસની શાળાઓમાં બાળકોને રજા આપી દેવામાં આવી છે.

**ભૂકંપની તીવ્રતા**

| સમય | તિવ્રતા |
|---|---|
| 6:19 | 3.8ની તીવ્રતા |
| 6:56 | 2.9ની તીવ્રતા |
| 6:58 | 3.2ની તીવ્રતા |
| 7:10 | 2.9ની તીવ્રતા |
| 7:13 | 2.9ની તીવ્રતા |
| 7:33 | 2.7ની તીવ્રતા |
| 8:21 | 3.0ની તીવ્રતા |
| 8:34 | 3.2ની તીવ્રતા |
| 9:45 | 3.2ની તીવ્રતા |
| 11.41 | 2.6ની તીવ્રતા |
| 11.44 | 2.6ની તીવ્રતા |

# વાંસદામાં તરુણી પર સામૂહિક દુષ્કર્મ કરનાર 8 નરાધમની ધરપકડ

**પોલીસે** સગીર સહિત આઠેય આરોપીઓની ધરપકડ કરી, કોર્ટે 7 દિવસનાં રિમાન્ડ મંજૂર કર્યા

**વાંસદા** અને નવસારી એલ.સી.બી.એ સંયુક્ત કાર્યવાહી કરી ગણતરીના કલાકોમાં તમામને જેલમાં ધકેલી દીધા

**તમામ** આરોપીઓ છૂટક મજૂરીકામ કરતા હોવાનું જાણવા મળ્યું



(તસવીર : નિલેશ કાપડિયા)




વાંસદા : વાંસદા તાલુકાના એક ગામમાં ૧૪ વર્ષીય તરુણીનું અપહરણ કરી આઠ શખ્સોએ સામૂહિક દુષ્કર્મ આચરતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. વાંસદા અને નવસારી એલ.સી.બી. પોલીસે સંયુક્ત કાર્યવાહી કરી ગણતરીના કલાકોમાં એક સગીર સહિત તમામ આઠેય આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગત બુધવારે રાત્રે આશરે ૧૦ વાગ્યે તરુણી લઘુશંકા માટે ઘરની બહાર નીકળી હતી. તે સમયે ત્રણ અજાણ્યા યુવાનોએ તેનું મોઢું દબાવી બાઇક પર અપહરણ કર્યું હતું. નરાધમો તેને નજીકના ગામની એક રૂમમાં લઈ ગયા હતા, જ્યાં અન્ય પાંચ શખ્સો પણ હાજર હતા. ત્યાં તમામ આઠ આરોપીઓએ તરુણીને જાનથી મારી નાખવાની ધમકી આપી વારાફરતી દુષ્કર્મ આચર્યું હતું.

આ બનાવ અંગે ગુરુવારે તરૂણીની માતાએ વાંસદા પોલીસ મથકે 8 યુવાનો વિરુદ્ધ ગુનો નોંધાવતા વાંસદા અને નવસારી એલ.સી.બી. પોલીસે તરૂણી સાથે દુષ્કર્મ કરનાર પિયુષ દિનેશભાઈ નાયક (ઉંમર 26), સાહિલ ધર્મેશભાઈ ભગરિયા (ઉ.વ. 18), રાહુલ ઠાકોરભાઈ પટેલ (ઉ.વ.25), રવિન્દ્ર સોમાભાઈ

...અનુસંધાન પાના 9 પર

# ઓક્સિજન સિલિન્ડરનું રેગ્યુલેટર છટકી જતાં વોર્ડબોયને ઈજા

**આંખની** કિકીમાં ગંભીર ઈજા પહોંચી, ઓપરેશન ખાનગી હોસ્પિટલમાં

**સ્મીમેરના** આંખ વિભાગના તબીબોએ ઓપરેશનની સલાહ આપી પરંતુ જવાબદારીમાંથી છટકી ગયાના આક્ષેપ

સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા સંચાલિત સ્મીમેર હોસ્પિટલમાં આજે શુક્રવારે સવારે એક અણધારી અને દુઃખદ ઘટના બની હતી. હોસ્પિટલના ટી.બી. વિભાગના વોર્ડમાં કામ કરતા ૨૦ વર્ષીય વોર્ડબોયને ઓક્સિજન સિલિન્ડરનું ઓટો રેગ્યુલેટર ચાલુ કરતી વખતે અચાનક છટકી જતાં

### સ્ટાફના જ વોર્ડબોયના ઓપરેશનની સ્મીમેરના તબીબોએ જવાબદારી લીધી નહીં!

પૂજનના સંબધીએ જણાવ્યું હતું કે, બનાવ બાદ સ્મીમેરના તબીબોને પૂછવામાં આવ્યું હતું કે, ઓપરેશન બાદ પૂજનને આંખમાં વધુ તકલીફ તો નહીં થાય ને? તો તબીબોએ સ્પષ્ટ શબ્દોમાં એની અમારી કોઈ જવાબદારી નહીં રહેશે, તેવું કહી દીધું હતું. જેથી અમે ડરીને ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા અને ત્યાં સારવાર આપી હતી.

...અનુસંધાન પાના 9 પર

# ઊડે ત્યારે પાંખો રણકે છે તે હરિયલ પક્ષી વાપીમાંથી મળ્યું



**મહારાષ્ટ્રનું** રાજ્યપક્ષી લીલું કબૂતર, દર વર્ષની જેમ એક જોડી વાપીના ચલાની મહેમાન બની

**ગીર** અને મધ્ય ભારતના મૂળનું આ પક્ષી ખૂબ સુંદર, દર વર્ષે એકાદ જોડી ચીકુ અને શેતુરના ફળ ખાવા ચલા આવે જ

### બારીના કાચ સાથે અથડાઈ ઘાયલ થયું, પરિવારે પાણી પીવડાવી સુરક્ષિત કરતાં ઊડી ગયું

ચલામાં રહેતા પટેલ પરિવારના ઘર આંગણે દર વર્ષે આ પંખી ચીકુ તથા શેતુરના ફળ ખાવા માટે આવતા હોય છે. ગઈકાલે આ પંખી આવ્યું ત્યારે તે ઊડતી વેળા ઘરની બારીના કાચ સાથે અથડાયું હતું અને નીચે પડી ગયું હતું, થોડી ક્ષણ માટે તે ઊડી શકતું ન હતું. પરિવારના સભ્યએ તરત જ તેને સુરક્ષિત રીતે ઊંચકી છાંયડામાં લઈ જઈ પાણી પીવડાવ્યું હતું અને ત્યારબાદ તેણે સ્વસ્થ બની દશેક મીનિટ બાદ ફરીથી પોતાના ગંતવ્ય સ્થળે પહોંચવા માટે આકાશમાં ઉડાન ભરી હતી. નોંધનીય છે કે, વિકાસના નામે જંગલો દૂર થઈ રહ્યા છે અને જ્યાં-ત્યાં થોડી હરિયાળી બચી છે, ત્યાં અવનવા પંખીઓ આવતા જોવા મળે છે.

વાપીઃ આપણી આસપાસના વાતાવરણમાં પતંગીયા, મધમાખી તથા પંખીઓ, કબૂતર, કાગડા, કાબર, ચકલી, બુલબુલ જોવા મળે છે. પંખીઓનો કલરવ સાંભળવો કોને ન ગમે? તેમાં વળી કોઈક અનોખું કે મોંઘેરું મહેમાન કહી શકાય એવું પંખી જોવા મળે અને તેનો કલરવ બધા પંખીઓ કરતા અલગ જ પડી જાય તો? વાપી નજીકના ચલામાં ઘર આંગણે ઝમરૂખી, ચીકુ, આંબાના વૃક્ષો ઉપર દર વર્ષની જેમ આ વર્ષે પણ લીલા કબૂતરોની જોડી આવી પહોંચી હતી.

બે જોડી કે તેથી વધુ લીલા કબૂતરો

...અનુસંધાન પાના 9 પર

તા.11મી સુધી ચાલનારા આ બીચ ફેસ્ટિવલનો શુક્રવારે સાંસદ મુકેશ દલાલ અને ધારાસભ્ય સંદીપ દેસાઈએ પ્રારંભ કરાવ્યો

# સુંવાલી બીચ ફેસ્ટિવલના પ્રથમ દિવસે મીર પિતા-પુત્રએ લોકોને ડોલાવ્યા

**બીચ** ફેસ્ટિવલમાં સોમનાથ સ્વાભિમાન પર્વના અવસરને વધાવવા ઓસમાણ મીરે શિવ તાંડવ સહિત શિવવંદનાની ભાવવાહી પ્રસ્તુતિ કરી

સુરતઃ સુરત તેમજ આસપાસના વિસ્તારનો લોકો બીચની મજા માણી શકે તે માટે આયોજીત ત્રિ-દિવસીય સુંવાલી બીચના આજના પ્રથમ દિવસે પ્રખ્યાત લોકગાયક પિતા-પુત્ર ઓસમાણ મીર અને આમીર મીરે સાંજે સમારોહમાં ગીતસંગીતની રમઝટ બોલાવી શ્રોતાઓને ડોલાવ્યાં હતા. સંગીત વૃંદના સંગીતના તાલે સુરતીઓ થીરક્યા હતા. પિતા-પુત્રની જોડીએ સુમધુર સ્વરે વિવિધ લોકગીતો, પ્રાચીન અર્વાચીન ગીતો ગાઈને ઉપસ્થિત તમામને

...અનુસંધાન પાના 9 પર


(તસવીર : સતીષ જાદવ)

### એપીએમસી બાદ હવે સી.આર. પાટીલ સુંવાલી બીચ ફેસ્ટિવલના ઉદઘાટનમાં પણ ગેરહાજર રહ્યાં

સુરતઃ અગાઉ એપીએમસીના કાર્યક્રમ બાદ હવે ધારાસભ્ય સંદીપ દેસાઈ દ્વારા આયોજીત સુંવાલી બીચ ફેસ્ટિવલના ઉદ્દઘાટનમાં પણ કેન્દ્રીય મંત્રી સીઆર પાટીલ ગેરહાજર રહેતા અનેક રાજકીય ચર્ચાઓને બળ મળ્યું હતું. ધારાસભ્ય સંદીપ દેસાઈના ચોર્યાસી વિધાનસભા વિસ્તારમાં આવતા સુંવાલી બીચ પર સરકાર દ્વારા ત્રિ-દિવસીય ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે. આજે તેના ઉદ્દઘાટનમાં કેન્દ્રીય મંત્રી સીઆર પાટીલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી હાજર રહેવાના હતા પરંતુ સુરતમાં હાજર હોવા છતાં પણ સીઆર પાટીલ સુંવાલી બીચ ફેસ્ટિવલમાં હાજર રહ્યા નહોતા. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી પણ ગેરહાજર રહેતા રાજકીય રીતે અનેક ચર્ચાઓ શરૂ થઈ હતી.

### સુંવાલી બીચ ફેસ્ટિવલમાં ખાણીપીણી, એડ્વેન્ચર અને દરિયાકિનારાનો આનંદ લોકો માણશે

સુવાલી બીચ ફેસ્ટિવલમાં પ્રવાસીઓને આકર્ષવા માટે બીચ સ્પોર્ટ્સ પ્રવૃતિઓમાં બીચ વોલિબોલ, દોરડા ખેંચ, કાઈટ્સ, ઊંટસવારી, કમાન્ડો નેટ, બીમ બેલેન્સિંગ, બર્મા બ્રિજ, રોપ ક્લાઈમ્બિંગ, ટાયર ક્લાઈમ્બિંગ, દિવસ દરમિયાન મહેંદી, સંગીત, નૃત્ય, ચિત્રકળા, અન્ય પ્રવૃતિઓ- માટી કળા, બાળકો માટે રમતો તથા ફૂડ કોર્ટ, ક્રાફ્ટ સ્ટોલ્સ, ફોટો કોર્નર પણ છે. સાહસના શોખીનો માટે અહીં એડવેન્ચર્સ સ્પોર્ટ્સ છે, તો ભાતીગળ વસ્તુઓના ચાહકો માટે હસ્તકલાની વસ્તુઓના સ્ટોલ્સ પણ છે. બાળકોના મનોરંજન માટે પણ આયોજન કરવામાં આવ્યું છે.





**અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા**

**ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧**

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹૩૦૦૦/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર — જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેકસ : ૨૫૯૯૯૯૦

**સ્મરણાંજલિ**

"સ્મરણો ભીંજવે હૈયુ..ને.. મહેકી ઉઠો આપ અમ અંતરમાં..."



સ્વ. શ્રીમતી મીનાક્ષીબેન વ્યાસ — સ્વ. તા. ૧૨.૦૧.૧૯૮૦



સ્વ. શ્રી જદુરાય વ્યાસ — સ્વ. તા. ૧૦.૦૧.૧૯૮૦

દેવાંશી પ્રખર શ્રીવાસ્તવ | નિશિત જદુરાય વ્યાસ
હરિવંશ નિશિત વ્યાસ | ઈશાની નિશિત વ્યાસ
મીનાક્ષી પરિવાર
MG MINAXI GROUP
મીનાક્ષી મેમોરિયલ ટ્રસ્ટ, સેકટર-૧૬, ગાંધીનગર.

**દુઃખદ અવસાન – અંતિમયાત્રા**



સ્વ. ડો. પ્રણવ જયકર પચ્ચીગર
સ્વ. તા.૦૯/૦૧/૨૦૨૬, શુક્રવાર

અત્યંત દિલગીરી સાથે જણાવવાનું કે, અમારા સુપુત્ર **ડો. પ્રણવ જયકર પચ્ચીગર** તા.૦૯/૦૧/૨૦૨૬ ને શુક્રવારના રોજ શ્રીજી ચરણ પામ્યા છે. તેમની અંતિમયાત્રા શનિવાર તા.૧૦/૦૧/૨૦૨૬ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે અમારા નિવાસસ્થાનેથી નીકળી કુરૂક્ષેત્ર, જહાંગીરપુરા મુકામે જશે.

:: સદ્ગતનું બેસણુ ::
તા.૧૧/૦૧/૨૦૨૬ ને રવિવારના રોજ બપોરે ૦૪.૦૦ થી ૦૬.૦૦ કલાક દરમિયાન અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

લિ.
જયકર નાથુભાઈ પચ્ચીગર (પિતા)
ઈલા જયકર પચ્ચીગર (માતા)
ડો જીજ્ઞા દેસાઈ (બહેન)
તથા સમસ્ત પચ્ચીગર પરિવાર

નિવાસસ્થાન : ૮, સુશીલ, સંસ્કાર નગર કો. ઓ. સોસાયટી, હોમીઓપેથીક કોલેજ પાસે, ઉધના મગદલ્લા રોડ, સુરત - મોબાઈલ : ૯૬૬૪૫ ૮૨૯૧૭